EDII

Sandesh

October 3, 2019
Page No. 4 of
City Life

### ઇડીઆઇઆઇ ખાતે આજે અમદાવાદ- ગાંધીનગરની ૧૦૦ મહિલાઓ માટે કાર્યક્રમ યોજાયો

# EDII ૧,૫૦૦ મહિલામાં ગ્રામીણ કચરાના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવશે



ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન અને તાલીમ માટેની રાષ્ટ્રીય સ્તરની અગ્રણી સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનાં ૧૦ ગામોની આશરે ૧૦૦ મહિલાઓ માટે ગ્રામીણ કચરાના ઉપયોગ ઉપર પ્રથમ જાગૃતિ કાર્યક્રમનું આયોદન કર્યું હતું. આ ૨૭ ઓક્ટોબર ૨૦૧૯ પહેલા યોજનારા ૧૫ પ્રોગ્રામનો હિસ્સો છે, જેમાં સંસ્થા ગુજરાત સરકારનાં ગ્રામીણ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧,૫૦૦ મહિલાઓમાં જાગૃતિ ફેલાવાશે. આ પહેલ ગ્રામીણ મહિલાઓને કચરો અલગ કરવો અને ગ્રામિણ સ્તરે ઘન કચરાના વ્યવસ્થાપન માટે તેના રિસાઈકલિંગ વિશે જાણકારી અપાશે. આ પ્રોગ્રામ દ્વારા સરકાર કચરાના વ્યવસ્તાપન તથા મહિલાઓને કચરાને રિસાઈકલ કરવાનાં કૌશલ્ય શિખવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, જેનો પ્રાથમિક લક્ષ્યાંક કચરામાંથી સંપત્તિનું સર્જન કરવાનો છે.